## ॥ ૐ શ્રી સાઈરામ ॥

## ॥ ૐ શ્રી સાઈ સર્વ મંગલ કરાય નમ: ॥ (૧૦૨)

## બધાનું મંગલ કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે,

જગદોદ્ધાર એ જ અવતારનું કાર્ય હોવાનું કહેનારા સ્વામી વિશ્વના પ્રત્યેક  પ્રાણીમાત્રનું મંગલ કરવા માટે સતત કાર્યરત હોય છે.

જગ પ્રસિદ્ધ ગાયિકા એમ.એસ. સુબ્બલમીની જીવન કથા સ્વામીનુ મંગલકારક રૂપ કેવું છે તે આપણને બતાવે છે. એમ. એસ. આ નામથી આખા વિશ્વમાં જાણીતા સુબ્બલક્ષ્મી, એ સુસ્વર લક્ષ્મી તરીકે પ્રસિદ્ધ હતા. નાનપણથી જ ઈશ્વરભક્તિમાં લીન રહેવાવાળા એમ. એસ. સુબ્બલક્ષ્મીએ પોતાની ભક્તિ 'નાદોપાસના' દ્વારા ઈશ્વરને અર્પણ કરી અને તેનાથી મોક્ષ સુધી જવાનો માર્ગ સ્વીકાર્યો.

અનેક લોકોને આ વાંચીને આશ્ચર્ય થશે કે આ સુપ્રસિદ્ધ ગાયિકાના જીવનમાં ઘણા સંકટ અને દુર્ભાગ્યની ક્ષણ આવી હતી અને કદાચ તેથી જ તેમનું સંગીત વધુ ભક્તિરસ પૂર્ણ થયું હતું. તેમણે તેમની કારકિર્દીની શરૂઆતમાં ચિત્રપટમાં મીરાંબાઈની ભૂમિકા કરી હતી જે તેમના અભિનય અને ગાયન નિપુણતા (નૈપુણ્ય) ને લીધે અમર થઈ હતી. ત્યારથી છેલ્લે સુધી તે કેવળ ભક્તિરસ પૂર્ણ ગાયન જ ગાતા રહ્યા અને તેમાંથી મળનારું માન, ધન અનેક જરૂરિયાતમંદ સંસ્થાઓને આપીને એક સંતનું જીવન જીવ્યા.

સુબ્બલક્ષ્મીએ સ્વામીના પ્રત્યક્ષ દર્શન ૧૯૭૫ માં વૃંદાવનમાં કર્યા. અશ્રુપૂર્ણ નયનોથી ભાવવિભોર થઈને ધ્રુજતા ધ્રુજતા જ્યારે તેમણે સ્વામીના ચરણકમળો પર માથું ટેકવ્યું ત્યારે સ્વામી બોલ્યા-' ' આવો! છેલ્લા દસ વર્ષથી તમે જેની આતુરતાથી પ્રતીક્ષા કરતા હતા, તે પાદ નમસ્કાર લો!'

સ્વામી આવું કેમ બોલ્યા હશે? તેનું કારણ, એ હતું કે, દસ વર્ષ પહેલાં સુબ્બલક્ષ્મીને તેમના એક સગાં દ્વારા સ્વામીના દિવ્યત્વની ખબર પડી હતી, પરંતુ તેમના પતિ શ્રી. સદાશિવમ સ્વામીને માનવા માટે તૈયાર નહોતા. અન્ય આદર્શ સ્ત્રીઓ પ્રમાણે તે પણ પતિની પરવાનગી વગર અથવા સંગાથ વગર ક્યાંય જતા નહોતા. તેથી તેમણે તે સગાંને પોતાના તરફથી સ્વામીને વંદન કરીને પ્રસાદ લાવવાની વિનંતી કરી હતી. પેલા સગાંએ જ્યારે સ્વામીને કહ્યું ત્યારે સ્વામી બોલ્યા - 'મને ખબર છે, તેમના પતિ સદાશિવમ્ અહીં આવવા માટે તૈયાર નથી, પરંતુ એક દિવસે તે પણ આવશે જ." એમ કહીને તેમણે સુબ્બલક્ષ્મી માટે પ્રસાદ આપ્યો.

સ્વામીના કહેવા મુજબ તે દિવસ ૧૦ વર્ષ પછી આવ્યો હતો, જે દિવસે સુબ્બલક્ષ્મી અને તેમના પતિ દર્શન કરવા માટે ગયા, તે સમયે તેમના જીવનનો મહત્વનો સમય હતો. તે વખતે સ્વામીએ તેમને પાદનમસ્કાર તો આપ્યા જ પરંતુ આશીર્વાદ સહ મુલાકાત પણ આપી. ત્યાંથી બહાર આવ્યા પછી સુબ્બલક્ષ્મી બોલ્યા - 'મારી અનેક વર્ષોની તપશ્ચર્યાના ફળ તરીકે જ મને આજે સ્વામીના પ્રત્યક્ષ દર્શનનો લાભ અને આનંદ મળ્યો."

આવો આનંદ તે બન્ને પતિ-પત્નીએ ઘણીવાર પ્રશાંતિનિલયમ, વૃંદાવન તેમજ સુંદરમ માં મેળવ્યો ત્યાર પછી સુબ્બલક્ષ્મી એ સ્વામીનાં અનેક ભજનો ગાયા એટલું જ નહીં, પરંતુ 'સાઈરામ ચિલુકા' નામની સ્વામીએ કરેલી રચનાને પણ પોતાનો અવાજ આપીને ધન્ય થયા હતા. સ્વામીએ ઘણીવાર તેમની કૃપાનો વર્ષાવ સુબ્બલક્ષ્મી પર કર્યો હતો. ૧૯૮૨ માં સુબ્બલક્ષ્મીની પુત્રી ગંભીર રીતે માંદી પડી હતી. તે વખતે આ બન્નેને સ્વામીએ એક મહિના કરતા પણ વધુ સમય પોતાની પાસે વૃંદાવનમાં રોકી (રાખી) લીધા હતા.

જ્યારે સુબ્બલક્ષ્મી ને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, 'તમે સ્વામીના ભક્ત કેવી રીતે બન્યા?" તે વખતે અતિ નમ્ર સ્વરમાં તેમણે જવાબ આપ્યો કે- 'લોકો સ્વામીની મહાનતા વિશે અને ભક્તોના સંકટ દૂર કરવા વિશે બોલે છે, પરંતુ મને તેમનો સૌથી મોટો ચમત્કાર જણાયો એ કે તેમની પ્રેમાળ તેમજ દયાળુ દૃષ્ટિ જ્યારે આપણા પર પડે છે ત્યારે તેમાંથી મળનારી શાંતિ અવર્ણનીય હોય છે. તેમના અસ્તિત્વ માત્રથી મળનારી સુરક્ષિતતાની ભાવના અને તેમના પ્રત્યેક શબ્દમાંથી જાણવા મળતું પૂર્ણ સત્ય એ તો જાણે પવિત્ર મંત્ર જ છે! મને એવું લાગે છે કે સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણએ જ કલિયુગની જનતાનું રક્ષણ કરવા માટે અવતાર ધારણ કર્યો છે. કારૂણ્યમૂર્તિ સ્વામીના અવતાર કાળમાં જ આપણે જીવીએ છીએ, એ આપણા માટે કેટલી મોટી ભાગ્યની વાત છે."

સ્વામીના એક ભક્ત ચેન્નઈથી પુટ્ટપર્તી જવા નીકળ્યા ત્યારે તેમણે સુબ્બલક્ષ્મીને પૂછ્યું - "અમ્મા, હું આવતીકાલે પ્રશાંતિનિલયમ જવાનો છું. તમારે સ્વામીને કાંઈ કહેવું છે?" ત્યારે ગદગદિત સ્વરમાં તેમણે પોતાના ઘરમાંના સ્વામીના ફોટા સામે હાથ જોડયા અને બોલ્યા - "હું પરમેશ્વરને શું કહું? મારા અંતઃકરણમાં કોઈપણ ઈચ્છા નિર્માણ થતાં પહેલાં જ સ્વામી તે પૂરી કરે છે." ત્યાર બાદ થોડા જ દિવસો પછી તે પરમેશ્વરમાં વિલીન થયા.

જે રીતે ભગવાન બાબાએ સુબ્બલક્ષ્મીનું જીવન મંગલમય બનાવ્યું તેવી જ રીતે તે આપણા બધાનું જીવન મંગલમય કરે એ જ તેમના ચરણે પ્રાર્થના.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||